
RNI No. : GujGuj/2017/72587
Email:satyanisodhdaily@gmail.com
SATYANISODH (DAILY)
SATYA NI SODH Daily News Paper
દૈનિક
# સત્યની શોધ
સત્ય સાથે ચાલતું, ભ્રષ્ટાચાર સામે લડતું
satyanisodh satyanisodh
Dhruv Pathak 884 924 3474
Website:www.satyanisodh.in
વર્ષ : ૮ ● અંક :૨૬૩ ● તારીખ: ૧૯-૦૯-૨૦૨૪, ગુરૂવાર ● વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ-૬ ● કિંમત : ૩-૦૦ રૂપિયા ● મુખ્ય કાર્યાલય : ૨૩, મનમોહનપાર્ક, તા.વાઘોડિયા, જી.વડોદરા
OWNER PANKAJ JAIN ....9737 3737 05 "EDITOR IN CHIF NILESH PATHAK. 957 474 7458 "SAB EDITOR... NAGIN BHARATI GOSWAMI 9624 962 396 SNS WEB NEWS "DHRUV PATHAK 884 924 3474

## લેટરલ એન્ટ્રી સામે આટલો બધો ઓહાપો કેમ?

# UPSC યુનિયન પબ્લિક સર્વિસ કમિશન પણ ગોઠવણ ? કહીયાગરા કર્મચારીઓને નિમણૂકથી લઈ એક્સસ્ટેશન

## સગાવાદની સિસ્ટમ કહો કે સમર્થક કર્તાઓ રાજાને ગમે તે જ રાણી હોય ને ?



**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

દેશ માં ઘણા સમય થી ગોઠવણ પૂર્વક નોકરી ઓ આઉટસોર્સ કોન્ટ્રક પ્રથા થી ચલાવાય રહી છે તેમાંય વિપક્ષ નો લેટરલ એન્ટ્રી સામે ઓહાપો કેમ છે ?ઁજીઝ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેટરલ એન્ટ્રી થી ૪૫ સિનિયર પોસ્ટ ભરતી ઓન લાઈન આમંત્રણમ લેટરલ એન્ટ્રી એટલે સરકાર હેઠળ કાર્યરત ન હોય તેવી વ્યક્તિને કારોબારીમાં સીધી નિમણૂક આપવાની કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વગર મિડ-લેવલ અને વરિષ્ઠ પદ પર નિમવાની પ્રથા લેટરલ એન્ટ્રન્ટ્સની નિમણૂક ૩ વર્ષ લઈ પાંચ વર્ષ સરકાર કોન્ટ્રાક્ટ લંબાવી શકાય છે

ઉદેશ ઉજ્જવળ હોય કે દૂષિત પણ ચોક્કસ ક્ષેત્રના નિષ્ણાતને અને શાસનને સુધારવા આ જાદુઈ પ્રથા ચલાવાય રહી વર્ષ ૨૦૧૮ થી લેટરલ રિક્રૂટમેન્ટની પ્રક્રિયા શરૂ થઈ હોવાથી વિવિધ મંત્રાલયો વિભાગોમાં આ રીતે કુલ ૬૩ લોકોની નિમણૂક કરવામાં આવી છે.ઓગસ્ટ,૨૦૨૩ સુધીમાં આમાંથી ૫૭ લેટરલ એન્ટ્રન્ટ્સ હાલમાં કેન્દ્ર સરકારમાં ઉચ્ચ પદ ધરાવે છે. ભરતી પ્રક્રિયામાં કોઈ અનામતની જોગવાઈ નહીં હોવાથી વિરોધી રાજકીય પક્ષો દ્વારા આવી ભરતીની જાહેરાતો ખૂબ ખુલ્લી ને વિરોધ કરાય રહ્યો છે સત્તાધારી સરકારના સહયોગી પક્ષો તરફથી કોઈ સમર્થન મળ્યું નહોતું. આ વિરોધના પગલે કેન્દ્ર સરકારેઁજીઝ દ્વારા સેન્ટ્રલ લેવલે વરિષ્ઠ બ્યૂરોક્રેટિક પદ પર લેટરલ ભરતી કરવાના નિર્ણયને પાછો ખેંચવાનો આદેશ આપ્યો હતો.લેટરલ એન્ટ્રીની જરૂરિયાત અને લાભ વધુ પ્રતિભાશાળી લોકો મળવા ઊંચા લેવલે સક્ષમ વહીવટકર્તા ઓની જરૂર પડે છે લેટરલ એન્ટ્રી આવા લોકો માટેના વિકલ્પોને વધારી દે છે

નીતિ નિર્માણમાં નવી પ્રતિભાઓનું યોગદાન વિશિષ્ટ પ્રકારનાં કૌશલ્યો અને જે-તે ક્ષેત્રમાં કુશળતા ધરાવતા લોકો માટે નીતિ ઘડવાની પ્રક્રિયા વધુ જટિલ બની ગઈ હોવાથી તેમાં ઘણાં મદદરૂપ થઈ શકે છે.જેવા કે કુશળ અર્થ શાસ્ત્રી નાણાં નિયમન ક્ષેત્રે નિપુણ ડો. મનમોહન સિંહ, એમ.એસ. સ્વામીનાથન, અર્થશાસ્ત્રી મોન્ટેક સિંહ આહુવાલિયા.સરકારમાં પ્રતિભાશાળી લોકોનો પ્રવેશ અને તેમને જાળવી રાખવા છઠ્ઠા સેન્ટ્રલ પે કમિશનના રિપોર્ટ મુજબ, જેના માટે ઓપન માર્કેટમાં ઊંચી માંગ હોય અને પ્રીમિયમ ગણાતી હોય તેવી નોકરીઓ માટે લેટરલ એન્ટ્રી સરકાર માં પ્રતિભા શાળી લોકો અને તેમને જાળવી રાખવાની ખાત્રીકરી શકે છે.શ્રમશક્તિની ઉપલબ્ધતા હાલ દેશમાં ૧.૫૦૦ઁછજી અધિકારીઓદ્ઘ ઘટ છે. દેશમાં મંજર કરવામાં આવેલી ૬૭૮૯ ની સંખ્યાની સામે ૫૩૧૭ ઁછજી અધિકારીઓ જ સેવા આપી રહ્યા છે.બસ્વાન કમિટી (વર્ષ ૨૦૧૬) સિવિલ સર્વિસિઝની પરીક્ષામાં પેટર્નની સમીક્ષા કરવા અને સુધારાઓ સૂચવવા માટે ભારત સરકાર દ્વારા આ સમિતિની રચના કરવામાં આવી હતી. અધિકારીઓને ઘટને જોતાં આ સમિતિએ તેના રિપોર્ટમાં લેટરલ એન્ટીને સમર્થન પૂરું પાડયું હતું.

કાર્યક્ષમતા નીતિ આયોગ મુજબ, લેટરલ એન્ટ્રીઝઁછજી અધિકારીઓને તેમના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢીને બ્યૂરોક્રસીમાં કારકિર્દી ઘડવા માટે પ્રતિસ્પર્ધાને વધારી શકે છે.સારી કામગીરી ભાવના શાસન પ્રણાલીમાં કરકસર, કાર્યક્ષમતા અને અસરકારકતાનાં મૂલ્યો લાવીને સરકારી ક્ષેત્રમાં કામ કરવાના માહોલને બદલવામાં મદદરૂપ થઈ શકે છે.દાત ભૂતકાળમાં વર્લ્ડ બેંક અને અન્ય ઘણી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી ઘણાં ખાનગી લોકો પણ સરકાર સાથે જોડાઈ છે મોન્ટેકસિંહ આહલુવાલિયા, શંકર આચાર્ય અને અરવિંદ વીરમણિ વિજય કેલકર જેવાએ સરકારને ઉત્કૃષ્ટ કેવા પૂરી પાડી છે લેટરલ એન્ટ્રી સાથે જોડાયેલી ચિંતાજનક બાબતો નીતિ વિરોધ વર્તન ટૂંકો કાર્યકાળ કેન્દ્ર સરકારે સંયુક્ત સચિવો માટે ૩ વર્ષના કાર્યકાળ નિર્ધારિત કર્યો જે કોઈ નવી આવનારી વ્યક્તિ માટે શાસનની જટિલ પ્રણાલીઓની સાથે સંપૂર્ણપણે અનુકૂલન સાધના અને અર્થપૂર્ણ યોગદાન આપવા માટે પૂરતો નથી. સહકારનો અભાવ હાલમાં કાર્યરત અધિકારીઓ બહારથી આવનારા લોકોની સાથે કામ કરવાનો વિરોધ કરી શકે છે જેના કારણે બંને વચ્ચે ઘર્ષણ થઈ શકે છે.મનોબળ તૂટવું લેટરલ એન્ટ્રી સિવિલ સર્વન્ટ્સમાં કારકિર્દીને આગળ વધારવામાં અનિશ્ચિતતાઓ લાવી શકે છે. તેનાથી તેમની કાર્યક્ષમતા ઘટી શકે છે.કુશળતા મેળવવા માટે તકનો અભાવ હાલમાં કાર્યરત અધિકારીઓને ટ્રાન્સફર્સની વર્તમાન સિસ્ટમ જે-તે બાબતમાં અનુભવ પ્રાપ્ત કરવામાં અવરોધ પેદા કરે છે. આથી પધારી અધિકારીઓને જનરલિસ્ટ ગણવા એ યોગ્ય નથી. તેમને જો યોગ્ય મોકો આપવા આવે તો તેઓ ખાનગી ક્ષેત્રની કુશળતાનું અનુકરણ કરી શકે છે.

અનામત સરકાર કરાર આધારિત નિમણૂકોમાં કોઈ અનામત અપાતી નહીં હોવાથી તે અનામતની નીતિનો ભંગ કરી શકે છે.પારદર્શકતા : પસંદગીની પ્રક્રિયામાં રાજકીય હસ્તક્ષેપ થઈ શકે છે અને તે સગાવાદ (નેપોટિઝમ)ને પ્રોત્સાહન આપી શકે છે અને સિસ્ટમને બગાડી શકે છે.હિત સંઘર્ષ લેટરલ એન્ટ્રન્ટન્ટ્સ વ્યાપક જાહેર હિતને હાંસિયામાં ધકેલી તેમના પોતાના ઉદ્યોગોને લગતાં હિતોને જ પ્રોત્સાહન આપી શકે છે.

જમીની સ્તરે કામ કરવાના અનુભવનો અભાવ લેટરલ એન્ટ્રન્ટ્સને જે-તે ક્ષેત્રનું જ્ઞાન તો હોઈ શકે છે પરંતુ તેમને 'ફીલ્ડ'માં કામ કરવાનો અનુભવ હોતો નથી.જવાબદારી અને ઉત્તરદાયિત્વ ખાનગી લોકો દ્વારા તેમના સેવાકાળ દરમિયાન ખાસ કરીને ૩ થી ૫ વર્ષ જેટલા ટૂંકા સમયગાળામાં લેવામાં આવેલા નિર્ણયોની જવાબદારી અને ઉત્તારદાયિત્વની ખાતરી કરવાનું મુશ્કેલ બની જાય છે.ખાનગીથી જાહેર ક્ષેત્રમાં મૂળભૂત પરિવર્તન ખાનગી ક્ષેત્રનો અભિગમ નફાલક્ષી હોય છે, જ્યારે બીજી તરફ સરકારનો અભિગમ જાહેર સેવાનો હોય છે. ખાનગી ક્ષેત્રની વ્યક્તિ આટલા ટૂંકા સમયગાળામાં પોતાના અભિગમમાં આટલું મોટું પરિવર્તન લાવી શકતી નથી.ઓછો અવકાશ ટોચના સ્તરે નીતિ ઘડનારા જ લેટરલ એન્ટ્રી ફીલ્ડ-લેવલના અમલીકરણ પર ખૂબ ઓછો પ્રભાવ પાડી શકે છે, કારણ કે, કેન્દ્ર સરકારથી ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ગામ સુધી ચેઈન ઓફ કમાન્ડની ઘણી બધી કડીઓ રહેલી હોય છે.ગુપ્ત માહિતી સાર્વજનિક થઈ જવી સરકારી ક્ષેત્રમાં ખાનગી લોકોની નિમણૂક કરવાથી રહસ્યો ગુપ્ત માહિતીઓ ખાનગી ક્ષેત્ર સમક્ષ ઉજાગર થઈ જવાની ભીતિ રહે છે ઓફિશયલી સિક્રેટ એક્ટ થી વિપરીત છે આમાં તો ઈમાનદાર અને રાજકીય નિષ્પક્ષતા ધરાવતી વ્યક્તિ જ સરકારી સેવામાં પ્રવેશે તેની ખાતરી કરવા લેટરલ એન્ટ્રી માટે પારદર્શકતાની સાથે મુક્ત સ્પર્ધા યોજાવી જોઈએ ને તેના બદલે જેમ પાર્ટી એ હજારો કરોડ ના ઈલેકટોરલ બોન્ડ થી પગાર દાર પ્રચારકો ની ફોજ ઉભી કરી તેમ સરકારી ક્ષેત્રે પણ હોવું જોઈ એ ને ?

ખાનગી ક્ષેત્રમાંથી મુલકી સેવામાં પ્રવેશનારા લોકો સરકારમાં કામ કરવાની જટિલ પ્રક્રિયાઓને સમજી શકે તે માટે તેમને સઘન તાલીમ આપવી જોઈએ.

અમલદારશાહીમાં અમલદારોની સ્વાયત્તતા તેમના અસરકારક કાર્ય માટે આવશ્યક છે. અમલદારોની પ્રવેશ પરીક્ષા દ્વારા નિમણુંક પ્રક્રિયા એ એક પ્રકારની મેરિટ આધારિત પદ્ધતિ છે. રાજકીય ફિલોસોફર માઈકલ સેન્ડેલ તેમના પુસ્તક ×સૈંિ× માં મેરિટ આધારિત પદ્ધતિ પર ભાર આપે છે. જેમાં તેઓ નિમણુંકમાં સામાજિક સમન્વય અને કુષળતાના સમન્વય પર ભાર મૂકે છે ભારતીય અમલદારશાહીમાં લેટરલ એન્ટ્રીના મહત્ત્વની વિવેચનાત્મક રીતે તપાસ કરવી જોઈએ અને સગાવાદ છે કે નહીં ? ગુજરાત માંથી મોદી જ્યારે પ્રધાનમંત્રી બન્યા ત્યારે ઘણા કહીયાગરા અધિકારી ઓને ગુજરાત થી લઈ જવા માં આવ્યા હતા તત્કાલીન ગોધરા કલેકટર પછી થી આરોગ્ય સચિવ બનનાર જ્યંતી રવિ સહિત આવા તો અનેક નામો છે સમર્થન કરો તો મહેલ માં નહિતર જેલ માં જેવી પદ્ધતિ નો વિપક્ષ ભલે વિરોધ કરે પણ રાજા ને ગમે તે જ રાણી હોય

## કાલોલ પીંગળી ગામના ખેતર માં મગર દેખા દેતા ગામ લોક જોવા ઉમટી પડ્યું

**મહેન્દ્રસિંહ સોલંકી.હાલોલ પંચમહાલ**

છેલ્લા એક અઠવાડીયાથી પીંગળી સીમ વિસ્તારમાં આવેલા કેટલાક ખાડાઓ માં પાણી ભરાઈ રહ્યુ છે જેમા બે મગરો આવ્યા ની એક અઠવાયિથી ચર્ચા ચાલી રહી હતી જે ખેતરો માં કામ કરતા સ્થાનિક રહિશો એ જોતાં ગામ માં વાત પ્રસરી હતી આ બાબતે આજ રોજ બપોરે જમ્યા બાદ કેટલાક ખેતરો માં જતાં માણસો ને મગરે દેખા દેતા ગામ માં જાણ થતાં જ ગામમાં થી નવ યુવા મિત્રો સ્થળ પર દોડી ગયા હતા જયાં ખાડા માંથી પાણી ભરાંયેલ હોવાથી જંજેટર લાવી પાણી ખાલી કરી પીંગળી ના જાંબાજ નવ યુવાનો એ જીવ ના જોખમે મગર ને સહી સલામત રેસ્કયું કરી આબાદ બચાવ કર્યો હતો



જેમાં દીપક રતનભાઈ, જશવંતભાઈ ચુનારા, અરવિંદ સોલંકી, દીપક વિક્રમભાઈ સોલંકી અને અનેક યુવાઓએ ભારે જહેમત ઊઠાવી હતી આ તબક્કે સ્થાનિક તંત્ર તલાટી કમ મંત્રી નરેન્દ્રસિંહ સોલંકી અને સરપંચ ને જાણ કરતાં તલાટી કમ મંત્રી શ્રી સ્થળ પર દોડી ગયા હતા અને જીવ દયા પ્રેમી પ્રહલાદ પરમાર ને જાણ કરતા તેમની ટીમ ફ્રેન્ડ ઓફ એનિમલસ એન.જી.ઓ પીંગળી ખાતે પહોંચી મગર ને સહી સલામત ખસેડી લેવામાં આવ્યો હતો. આવા સંજોગોમાં નવ યુવાનો ને ગામ ના નાગરિકો માટે આબાદ બચાવ માટે સરપંચ શ્રી વિજયસિંહ સોલંકી, તલાટી નરેન્દ્રસિંહ સોલંકી, સચિન સોલંકી, વિજય વણકર સહિત યુવા મિત્રો ને શુભેચ્છાઓ પાઠવી હતી.

### યુનિટી યુથ ફાઉન્ડેશન વડોદરા દ્વારા અકોટા વિસ્તારમાં

## ગણેશ વિસર્જનની શોભા યાત્રામાં જોડાયેલા શ્રદ્ધાળુઓને નાસ્તા અને પાણીનું વિતરણ કરાયું

**યુસુફ ફાતીયા-ડભોઈ**

દુંદાળાદેવ ના દશ દિવસ ના આતિથ્ય માણ્યા બાદ આજ રોજ હર્ષોલ્લાસ સાથે પુઢયાવર્શી લૌકર યા ના નારા સાથે નીકળેલી વિસર્જન યાત્રા માં ગણેશ ભક્તો ને અકોટા બ્રિજ પાસે યુનિટી યુથ ફાઉન્ડેશન દ્વારા બટાકા પૌંઆ ના નાસ્તા અને મિનરલ વોટર ની બોટલો નું વિતરણ કરવામાં આવ્યું હતું.



સામાજિક અને સેવાકિય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઝને ભૂખ્યા ને ભોજન પીરસતી સંસ્થા ના પ્રમુખ સાજીદ પઠાણ ની અગવાઈ માં આજ રોજ ગણેશ ભક્તો ની સેવા કરી ને કોમી સૌહાર્દ અને ભાઈચારાની અદ્ભૂત મિશાલ પૂરી પાડવામાં આવી હતી. યુનિટી યુથ ફાઉન્ડેશન દ્વારા ગણેશ વિસર્જન માટે નીકળેલી શોભા યાત્રા માં જોડાયેલા ગણેશ ભક્તો ને બટકા પૌંઆ અને મિનરલ વોટર ની બોટલો નું વિતરણ કરવામાં આવ્યું હતું આ સેવાકાર્ય માં સાજીદ પઠાણ ની સાથે આસિફ પઠાણ, ગૌતમભાઈ કંદોઈ, આસિફ અન્સારી,યુનુસ પઠાણ અને તેમની ટીમ ના સભ્યો જોડાયા હતા.અને કોમી એખલાસ તથા ભાઈચારા નું ઉદાહરણ પૂરું પાડ્યું હતુ

# આચાર્ય લોકેશજીએ સંપર્ક ભારતી યુકે દ્વારા આયોજિત સનાતની પ્રોફેશનલ્સ સેમિનારને સંબોધન કર્યું

## આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ વચ્ચે સંતુલન બનાવવું જરૂરી છે - આચાર્ય લોકેશજી

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

દિલ્હી ‘અહિંસા વિશ્વ ભારતી’ અને ‘વર્લ્ડ પીસ સેન્ટર’ના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીએ દિલ્હી એનસીઆરમાં સંપર્ક ભારતી દ્વારા આયોજિત સનાતની પ્રોફેશનલ સેમિનારને સંબોધતા જણાવ્યું હતું કે, “ભારતના યુવાનોનું પ્રગતિ અને વિકાસમાં તે જ સ્થાન છે જે રીતે કરોડરજ્જુનું શરીરમાં છે. વિશ્વના દરેક ખૂણામાં ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધિત વ્યાવસાયિકો દરેક ક્ષેત્રમાં યોગદાન આપી રહ્યા છે. તેમનું વિશ્વના આર્થિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, તબીબી, વિજ્ઞાન વગેરે તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન છે.’’કાર્યક્રમને મહંત શ્રી બાલકનાથ, જર્મનીથી આવેલા કાર્યક્રમ સંયોજક વિકાસ કુમાર, ડૉ. મુથુસ્વામી ગુરુજી અને ડૉ. કર્નલ તેજ તુક્કુજીએ સંબોધિત કર્યા હતા. આયોજકોએ આચાર્યશ્રી લોકેશજીનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.ગુરુગ્રામમાં અહિંસા વિશ્વ ભારતી દ્વારા સ્થાપિત




વર્લ્ડ પીસ સેન્ટરનું ટૂંક સમયમાં ઉદઘાટન થવા જઈ રહ્યું છે.જ્યાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે યોગ અને ધ્યાનના વિશેષ કાર્યક્રમો ચલાવવામાં આવશે. આધ્યાત્મિક વિકાસ અને ભૌતિક વિકાસ વચ્ચે સંતુલન બનાવવું જરૂરી છે, યુવાનો આ ક્ષેત્રમાં ઘણું યોગદાન આપી શકે છે.

# નારણદેવી પ્રાથમિક શાળાની બાજુમાં અને લુહાર વાસ શિવ નગર ખાતે ભૂગર્ભ ગટરનો કાયમી નિકાલ કરાયો




થરાદના નારણ દેવી પ્રાથમિક શાળા ની બાજુમાં ૧૫ દિવસથી ગટરના પાણીની સમસ્યા હતી જેને સ્થાનિક લોકો દ્વારા રજૂઆત થતા શહેરના મહામંત્રી પ્રતાપભાઈ સોની અને યુવા પ્રમુખ હિતેશભાઈ વાણીયા દ્વારા મુલાકાત લઈ સત્વરે કાર્ય પૂર્ણ કરવા તંત્રને જાણકારી અને બીજા દિવસે આ પ્રશ્નનું નિરાકરણ તંત્ર દ્વારાપૂર્ણ કરવામાં આવ્યું હતું સાથે શિવનગર ખાતે લુહારવાસમાં છ મહિના નો જુનો ભૂગર્ભ ગટરનો પ્રશ્ન નો પણ હલ કરવામાં આવ્યો હતો સ્થાનિક રહીશો એ ખૂબ આભાર વ્યક્ત કર્યો સાથે આવા અનેક સત કાર્યો ભાજપ મહોડી મંડળ દ્વારા કરવામાં આવી રહ્યા છે અને હોદ્દેદારો પોતાનો યોગ્ય સમય આપી અને લોકોના હિતના કાર્યોમાં કાર્ય કરી રહ્યા છે થરાદ શહેરના તમામ પ્રશ્નો હાલ માટે થરાદ શહેર ભાજપની વોર્ડ વાઈજ ટીમની નિમણૂક કરવામાં આવી છે સમગ્ર ટીમ સાથે મળીને દરેક પ્રશ્નો નિરાકરણ કરવા માટે સત્વર છે

# પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા નો લેટર બોમ્બ.......

**જુનાગઢ તા. પ્રકાશ દવે દ્વારા**

જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ પર ગંભીર આક્ષેપો સાથે નો પત્ર પુર્વે કેબિનેટ મંત્રી દ્વારા વડાપ્રધાન ને લખવામાં આવતાં આ પત્રથી સ્થાનિક ભાજપમાં ભારે ચકચાર મચી જવા પામી છે....

સોશિયલ મીડિયા પર ‘માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ને જૂનાગઢ જિલ્લા ભાજપ ના હોદેદાર અંગે જાણ કરતો પત્ર‘ લખાણ સાથેનો થયો વાઈરલ.... વડાપ્રધાન ને લખેલા પત્રમાં જવાહરભાઈ એ ભાજપ કાર્યાલય નું બાંધકામ પણ નિયમોને નેવે મૂકીને કર્યુ હોવાનો આક્ષેપ પણ જીલ્લા પ્રમુખ સામે કર્યો છે ત્યારે હાલતો આ લેટરને લયને ભારે ચકચાર મચી જવા પામી છે

### ગણેશ વિસર્જન નો કાર્યક્રમ સંપૂર્ણ કરવામાં આવ્યો

# તકેદારીના પગલે ભગતસિંહ યુવા સમિતિના તરવૈયાઓએ ગણેશ વિસર્જનમાં મદદરૂપ થયેલ


તસ્વીર. ગોરધન દાફડા બાબરા

અમરેલી. બાબરા:૧૭ ૯ ૨૦૨૪ ગણેશ વિસર્જન દરમિયાન ભગતસિંહ યુવા સમિતિ અને નગરપાલિકાના સહયોગથી નિર્વિઘ્ને ગણેશ વિસર્જન નો કાર્યક્રમ સંપૂર્ણ કરવામાં આવ્યો તકેદારીના પગલે ભગતસિંહ યુવા સમિતિના તરવૈયાઓ એ ગણેશ વિસર્જન માં મદદરૂપ થયેલ નીલવડા રોડ ઉપર આવેલ મેલડીમાં મંદિર ના તળાવ માં અને કરિયાણા રોડ પર આવેલ રામપરા તળાવ મા સંપૂર્ણ વિસર્જન પૂરું થયા સુધી ફરજ બજાવેલ

## શિનોર તાલુકાના માલસર મુકામે ગજાનન આશ્રમમાં ગણેશ ચૌદસના દિવસે ભંડારા સાથે ગણેશ યજ્ઞ તથા લક્ષ્મી યજ્ઞ ધાર્મિક વિધિ પ્રમાણે સંપન્ન કરવામાં આવ્યો

**હસમુખ પટેલ સાધલી**



માં નર્મદાના કિનારે માલસર મુકામે આવેલ ગજાનન આશ્રમ ના ગુરુજી દ્વારા ચાલતી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી ગુજરાત ભરમાં પ્રસિદ્ધ છે .સાથે સાથે આશ્રમમાં દેશ તેમજ વિદેશમાંથી અનેક લોકો ગુરુજીના આશીર્વાદ મેળવવા માટે આશ્રમમાં પધારે છે. તેમાં આજે અનંત ચતુર્દશીના ગણેશ મુર્તિ વિસર્જન ના દિવસે પાંચ થી છ હજાર લોકોને મહાપ્રસાદ આપવામાં આવ્યો ,સાથે ગણેશ યજ્ઞ અને કમળ સુકામેવા વિવિધ ઔષધીઓ દ્વારા લક્ષ્મી યજ્ઞ પણ કરવામાં આવેલ હતો ,આ યજ્ઞમાં મુખ્ય અતિથી ગાંધીનગર થી ગૃહ મંત્રી ના મુખ્ય પીએસ શ્રી આશિષ વાળા, ડભોઈ ડીવાયએસપી આકાશ પટેલ, કેવડિયા થી ગોરા રેંજના આરએફઓ જનક કાકડિયા, એક્ઝિટિવ એન્જિનિયર કુણાલ પટેલ , ડોક્ટર સાગર, ડેપ્યુટી કલેક્ટર અભિષેક સિંહા,રાજકોટ થી ઉદ્યોગપતિ પરેશભાઈ તંતી ,જીગ્નેશભાઈ રાઠોડ ,હરેશભાઈ બજાણીયા, દિશાંતભાઈ પટેલ સુરત થી ડો.અલ્કેશભાઈ પટેલ, લાલાભાઈ ,અનિરુદ્ધભાઈ પટેલ, અમદાવાદ થી મહાવીર સિંહ ઝાલા ,યોગેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો એ ગણેશ યજ્ઞનો દિવ્ય લાભ લીધો તથા ગુરુજી અને ગણપતિ દાદા ના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી.

### શ્રી સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશનની પહેલ

# આધ્યાત્મિક કલ્યાણ સાથે બાળકના સર્વાંગીણ વિકાસ માટે સરસ્વતી સાધનામાં જોડાવાની અમૂલ્ય તક

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**



બાળકના આત્મહિત અને કલ્યાણ સાથે સર્વાંગીણ વિકાસ માટે તેમ જ બાળક પોતાના અભ્યાસમાં અને અન્ય દરરોજની એક્ટિવિટીમાં એકાગ્રતાની વૃદ્ધિ કરે તેઓમાં ધીરતા, સમતા અને શાંતતાની વૃદ્ધિ થાય તે માટે સરસ્વતી સાધના શ્રી સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા એક સરસ્વતી સાધનાની પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પરમ પૂજ્ય ઉપકારી ગુરુભગવંત આચાર્ય શતાવધાની મહાપ્રભાવક શ્રી નયચંદ્રસૂરીશ્વરજી મહારાજા તેમ જ સહસ્ત્રાવધાની પૂજ્ય પન્યાસ અજિતચંદ્ર સાગરસૂરીશ્વરજી મહારાજના અથાગ પરિશ્રમ અને દીર્ઘદ્રષ્ટિ દ્વારા તૈયાર કરવામાં આવેલા સરસ્વતી સાધનાના એક અલૌકિક કોર્સમાં જોડાવા માટે અમો આપને ભાવભર્યુ નિમંત્રણ પાઠવીએ છીએ.અક્ષત - રુદ્રાક્ષ - સાકર અને રેશમી દોરા ઉપર પણ સરસ્વતી માતાના માંત્રિક અને તાંત્રિક અનુષ્ઠાન કરાવાશે જેનો ઉપયોગ કરવાથી બાળકોની બૌદ્ધિક ક્ષમતામાં વિકાસ થશે.

આ કોર્સમાં જોડાવા માટે કોઈ ફી નથી પરંતુ તે સાધનામાં ઉપયોગી સાધનોની એક કીટ માત્ર એક જ વાર રૂપિયા ૧૨૦૦ માં ખરીદવી પડે છે જે આપ નીચેની વેબસાઈટ ઉપર ક્લિક કરી, ફોર્મ ભરી, પેમેન્ટ કરીને જોડાવું પડશે ત્યારબાદ આપને કીટ ઘરે કુરિયર દ્વારા મળી જશે. વેબસાઈટ ssrfsaraswatisadhana.in પર ક્લિક કરવાથી તમને ૩૬ દિવસના જુદા જુદા પ્રી રેકોર્ડેડ વીડિયોઝ જોવા મળશે જે આપે રોજ એક વીડિયો જોવાનો રહેશે. અને ત્યારબાદ ૨૦ મિનિટનો એક વીડિયો જે રોજ જોવાનો રહેશે.અત્યારસુધીમાં આ સાધનામાં ૫૦.૦૦૦ બાળકો જોડાયા છે અને તેઓને અકલ્પનીય, અભુતપૂર્વ લાભ મળ્યો છે. તેના ટેસ્ટીમોનિયલ સરસ્વતી સાધનાના ઈન્ટાગ્રામ આદિ સોશિયલ મીડિયા પર જોવા મળી શકે છે. કેટલાક સી.એ. થયા છે, કેટલાક ડોક્ટર થયા છે અને અનેક લોકો પોતાના જીવનમાં સર્વાંગીણ રીતે અભુતપુર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે.આ સાધનામાં પ્રચારક તરીકે જોડાવા માટે ભાવભર્યુ નિમંત્રણ. આ સાધનાનો પ્રચાર, પ્રસાર અને સમગ્ર વિશ્વમાં ફેલાવો કરવા માટે અમો કેટલાક પ્રચારકોનું પ્રતિભા શોધ અભિયાન પ્રારંભેલ છે. જેમાં વેબસાઈટ https://docs.google.com/forms//15Jwt1osq2aS--rjjFK9EFOjthVDLkmRs/ ed પર ક્લિક કરવાથી તમને ફોર્મ ઉપલબ્ધ થશે. જે ભરવાથી તમો પ્રચારક તરીકે જોડાઈ શકો છો. તમારા ફોર્મનું મૂલ્યાંકન કરવામાં આવશે અને તમારી પસંદગી થતાં તમારો ઈન્ટરવ્યૂ લેવામાં આવશે અને ત્યારબાદ તમને પ્રચારક તરીકે તૈયાર કરવામાં આવશે. તમે આ પ્રચારક તરીકે જોડાશો તેથી સરસ્વતી માતાની કૃપા પણ આપણા પર ઉતરશે અને સરસ્વતી માતાની પ્રભાવના થશે અને સાથોસાથ આપ રોજ ૧૦ બાળકોને જો જોડી શકો તો મહિને આપને ૩૦ હજાર રુપિયાનો પુરસ્કાર પણ આપવામાં આવશે. એટલે પ્રતિ બાળક ૧૦૦ રુપિયાનો પુરસ્કાર પણ આપને અર્પિત કરવામાં આવશે. આપને તે માટેનું આઈડી કાર્ડ અને અન્ય મટિરિયલ ફાઉન્ડેશન તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. સાધના અને શિક્ષણ સાથે આપ જેટલી વધારે મહેનત કરો તેટલો વધારે પુરસ્કાર પ્રાપ્ત કરી શકો છો. આપને આ બાબતમાં કોઈપણ ઈક્વાયરી કરવી હોય તો ૬૨૬૨૬૭૬૭૫૦ પર શ્રી અક્ષતભાઈનો સંપર્ક કરી શકો છો. જેઓ તમને આ બાબતમાં સંપૂર્ણ માર્ગદર્શન આપશે. અને અન્ય માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ પરથી સંપૂર્ણ માહિતી મેળવી શકાશે.રાષ્ટ્ર રક્ષા, સંસ્કૃતિ રક્ષા અને ધર્મરક્ષાનું ભાવિ યુવા પેઢીના હાથમાં સુરક્ષિત કરવા આ સાધનાનો પ્રચાર અને પ્રસાર કરવા અમો આપને નમ્ર અરજ કરીએ છીએ.શ્રી સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશનના વતી શ્રી અતુલકુમાર વ્રજલાલ શાહ.

### સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથા નિમિત્તે એક મહિના સુધી દરરોજ થશે રક્તદાન કેમ્પ

# સમગ્રપણે ગુજરાતની તમામ સિવિલ હોસ્પિટલનાં ગરીબ દર્દીઓ, થેલેસેમિયા પીડિત બાળકોનાં લાભાર્થે ૨૫.૦૦૦ બોટલ રક્તદાન એકત્ર કરવાનો લક્ષ્યાંક

## વૈશ્વિક રામકથાનાં પ્રસંગે સદભાવના વૃદ્ધાશ્રમની અનોખી સેવા :૧ નવેમ્બરથી દરરોજ રક્તદાન કેમ્પ કરાશે





**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

રાજકોટ સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથા નિમિત્તે એક મહિના સુધી દરરોજ રક્તદાન કેમ્પ કરવામાં આવશે. સમગ્રપણે ગુજરાતની તમામ સિવિલ હોસ્પિટલનાં ગરીબ દર્દીઓ, થેલેસેમિયા પીડિત બાળકોનાં લાભાર્થે ૨૫.૦૦૦ બોટલ રક્તદાન એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. વૈશ્વિક રામકથા નિમિત્તે ૧ નવેમ્બરથી રાજકોટની આસપાસના અલગ અલગ વિસ્તારો, કોલેજો વગેરે સ્થળોએ વૈશ્વિક રામકથાને નિમિત્ત બનાવીને રક્તદાન કેમ્પ યોજાશે. કથા સંગે, કથા પરિસર સ્થળે પણ રક્તદાન કેમ્પ યોજાશે. આખા ગુજરાતની તમામ સિવિલ હોસ્પિટલ અને બ્લડ બેંક આમંત્રણ આપી તેમની રક્તદાનની ઝોળી છલકાવવાનો નિમિત્ત, પ્રયાસ છે. ગુજરાતની તમામ સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અનોખી સેવા કરવામાં આવશે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. અત્યારની પરિસ્થિતિમાં રકતદાન કેમ્પોની સંખ્યા નહીવત થઈ ગઈ છે. જે રકતદાન કેમ્પો થાય છે ત્યાં પણ રકતદાતાઓ ખૂબ ઓછી સંખ્યામાં આવે છે. આ તકલીફનાં આંશીક નિવારણ માટે અને થેલેસેમીયા પીડીત બાળકોનાં જીવન બચાવવા આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.અત્રે ઉલેખ્ખનીય છે કે વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા.૨૩ નવેમ્બર–૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર-૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા યોજાનાર છે. વૈશ્વિક રામકથા કાર્યાલય : ૫ ટવિન ટાવર, અમીન માર્ગ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે, રાજકોટ.×રકતદાન જીવનદાન“

ભગવાન કા દિવ્ય અલ્પ નહિ હોતા..રકતદાનકા કોઈ વિકલ્પ નહિ હોતા..

# સુરેન્દ્રનગર જીલ્લા દિવસને દિવસે ભ્રષ્ટાચાર વધતો જાય છે..

બ્યુરો ચીફ પરમાર ભગીરથસિંહ મુળી

સુરેન્દ્રનગર જીલ્લા ની સરકારી કચેરીઓ માં લાંચ જાણે વ્યવહાર બની ગયો હતો તમે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ ખુલ્લેઆમ લાંચ માંગે છે અરજદારોને પણ આવા ભ્રષ્ટ અધીકારીઓને એન કર્મચારીઓ નૈવેદ્ય ધરાવ્યા વગર કામ થતા ન હોઈ તેઓ નાણા દેવાં મજબૂર બને છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં એસીબી મંગળવારે ૬ કલાક ના અંતરમાં કરોયેલ ૨ સફળ ઓપરેશન માં ૩ વ્યક્તિ ઓને લાંચ લેતા ઝડપી લીધા છે જેમાં સવારે ૯.૩૦ કેલાકે લીંમડી હાઈવે પર કટારીયા ચેકપોસ્ટ પાસે રૂપિયા ૧ હાજર ની લાંચ લેતા ખાણ ખનીજ વિભાગ નો કલાર્કે


ચોટીલા સર્કલ ઓફીસર જીગનેશ પાટડીયા


સિક્યુરિટી ગાર્ડ ખાણ ખનીજ વિભાગ


ખાણ ખનીજ વિભાગ કલાર્ક

એન સીકયોરીટી ગાર્ડે પકડાયા હતા જ્યારે બપોરે ૩.૩૦. કલાકે ચોટીલા સર્કલ ઓફીસર રૂપીયા ૪૦ હજાર ની લાંચ લેતા એસીબી ના છટકામાં ફસાયો છે ચોટીલા સુરેન્દ્રનગર જીલ્લા માં ખેતી વિષયક રેવન્યુ બાબતો માં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે કાયદેસર નુ કામ કરવવુ હોય તો પણ અરજદારોને અધિકારી ઓના ખીસ્સા ગરમ કરવા પડે છે ત્યારે આવી જ એક મહેસુલી મેટર માં ચોટીલા સર્કલ ઓફીસર લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે મળતી માહિતી મુજબ ચોટીલા માં રહેતા એક ખેડૂત ને નવાગામ ની સીમમાં ભાગવી ખેતી ની જમીન આવેલી છે આ જમીનમાં થી ૫૦ ટકા હિસ્સો ના વેચાણ માં વેચાણ આપવાનુ નામ કમી કરવા એન વેચાણ લેનાર નુ નામ દસ્તાવેજ ના આધારે ગામ નમુના નંબર ૬મા ઉમેરવા તેઓએ ચોટીલા મામલદાર કચેરી માં અરજી કરી હતી જેમાં સર્કલ ઓફીસર જીગનેશ પાટડીયા એ ખેડૂત પાસે રૂપીયા ૧.લાખની લાંચ માંગી હતી પરંતુ રકઝક ના અંત રૂપીયા ૪૦ હજાર માં નક્કી થયુ હતું ફરિયાદી ખેડૂત આ રકમ આપવા માંગતા. ન નહો તે ઓએ એસીબીના સંપર્ક કયો હતો જેમાં એસીબી ટીમે મંગળવારે બપોરે સમયે કચેરી માં જ છટકું ગોઠવ્યું હતું એન ફરિયાદી ખેડૂત ના હાથે રૂપીયા ૪૦ હજાર સર્કલ ઓફીસર જીગનેશ પાટડીયા લેતા જ એસીબી ટીમે સામે આવી હતી એન જીગ્નેશ પાટડીયા ને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા તેઓની સામે સુરેન્દ્રનગર એસીબી પોલીસ મથકે ગુનો નોધવાની તજવીજ હાથ ધરાઈ છે લીંબડી સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ નુ બેફામ ગેરકાયદેસર વહન થાય છે પાસ પરમીટ વગર ક્ષમતા કરા વધુ પડતા ખનીજ નુ વહન થતું હોવાની ખાણ ખનીજ વિભાગ દ્વારા લીંબડી હાઈવે પર કટારીયા ગામે પાસે ચેકપોસ્ટ બનાવાઈ છે ગેરરીતી રોકવા બનાવાયેલા આ ચેકપોસ્ટ જ લાંચ લેવાનુ કેન્દ્ર બની હોવાનું સામે આવ્યું છે આ બનાવ ની મળતી માહિતી મુજબ એક જાગૃત નાગરીક ડમ્પફ માં ખનીજ નુ વહન કરે છે તેઓ ત્રણ. ડમ્પફ ને ચેકપોસ્ટ રોકી એન્ટ્રી ના એન હેરાન ગતી નહી કરવામાં ખાણ ખનીજ વિભાગ ના વર્ગ.૩ ના કર્મચારી કલાર્કે સાજીદ ખાન અહેમદ ખાન પઠાણ એન ત્યા ફરજ બજાવતા ખાનગી સીકયોરીટી ગાર્ડે ગીરીશભાઈ હીરાભાઈ ઝાલા એ ડમ્પર દીઠ ૫૦૦ લેખે કુલ રૂપીયા ૧૫૦૦ ની લાંચ માંગી હતી પરંતુ ફરિયાદી એ ઓછુ કરવાનુ કહેતા અંતે ૧ હજાર માં નક્કી થયુ હતું ફરિયાદી આ ગેરકાયદેસર લાંચ ની રકમ આપવા માંગતા નહોય તેઓ એ એસીબી ને જાણ કરી હતી જેમાં સુરેન્દ્રનગર એલસીબી પી આ ઈ એમ.એમ.લાલીવાલા . સુરેન્દ્રનગર એન મોરબી એસીબી સ્ટાફે મંગળવારે સવારે કટારીયા ચેકપોસ્ટ જ છટકું ગોઠવ્યું હતુ જેમાં ફરિયાદી પાસે થી રૂપીયા ૧ હજાર કલાર્કે એન સીકયોરીટી ગાર્ડે લેતા હતા ત્યારે એસીબી ટીમે સામે આવી હતી એન બન્નેને રંગ હાથ લાંચ લેતા ઝડપી લીધા હતા.

# ડભોઇ નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા -૨૦૨૪' અંતર્ગત ડભોઇ કોમર્સ કોલેજ ખાતે સુત્રોચાર, શપથ અને રેલી યોજાઈ

યુસુફ ફાતીયા-ડભોઈ

ગુજરાત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરની મળેલ આદેશ અનુસાર બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ ની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ગુજરાતમા સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનના દસ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨ ઓકટોબર ૨૦૨૪ સુધી સ્વચ્છતા ૨૦૨૪ પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ છે જે અન્વયે ડભોઈ નગરપાલિકા દ્વારા પણ સ્વચ્છતા ઝુંબેશ હેઠળ દરરોજ વિવિધ પ્રકારના કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.





આજે તારીખ ૧૮ સપ્ટેમ્બર ના રોજ ડભોઈ નગરપાલિકા દ્વારા કોમર્સ કોલેજ ડભોઈ ખાતે વડોદરા જિલ્લા કેળવણી મંડળના પ્રમુખશ્રી શશીકાંતભાઈ પટેલ, ચીફ ઓફિસર શ્રી જયકિશન તડવી, પ્રિન્સિપાલશ્રી કેયુરભાઈ પારેખ, કોલેજના તમામ પ્રોફેસરગણ, ડભોઈ નગરપાલિકાના મેનજર શ્રી મહેશભાઈ પરમાર, ઈકબાલભાઈ મન્સૂરી, ભાવિષાબેન પરમાર તેમજ કોલેજના એન.સી.સી. તથા એન.એસ.એસ. ના કેડેટ્સ તથા કોલેજના વિધાર્થીઓ તેમજ ડભોઈ નગરપાલિકાના કર્મચારી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્વચ્છતા જાગૃતિ અંગે સુત્રોચાર કરવામાં આવ્યા તેમજ શપથ પણ ગ્રહણ કરવામાં આવ્યા હતો. જોડાયેલા તમામ મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજી નગરપાલિકા મુખ્ય રોડ પર રેલી યોજી સ્વચ્છતા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આજના કાર્યક્રમ દ્વારા લોકોને પોતાના ઘરની આસપાસ, માહોલ્લામાં તથા સમગ્ર ડભોઈ શહેરમાં સ્વચ્છતા રાખી સ્વચ્છ ડભોઈ, સ્વસ્થ ડભોઈ બનાવવા હાકલ કરવામાં આવી હતી.

### વડોદરા જિલ્લામાં ચાર શાળાઓ પૈકી ડભોઇ તાલુકાના અકોટી ગામે

# આવેલી પ્રાથમિક શાળાને ઉચ્ચતર માધ્યમિક શાળાનો દરજ્જો આપી ધોરણ નવ અને આવતા વર્ષે ધોરણ ૧૨ સુધી શરૂઆત કરવામાં આવશ



યુસુફ ફાતીયા-ડભોઈ

ડભોઈ તાલુકાના અકોટી ગામે ધોરણ ૧ થી ૮ ના વર્ગ શિક્ષણ ચાલતું હતું વધુ અભ્યાસ માટે ડભોઈ અને ચાંદોદ બાળકોને અભ્યાસ અર્થે જવું પડતું હતું આ અંગે ગામ લોકોને રજૂઆત ધારાસભ્યને કરતા સરકાર પાસે ઉચ્ચતર માધ્યમિક શાળા ફાળવવામાં આવે તેવી માંગણી કરી હતી. આ અંગે સરકારે ગુજરાતમાં ૧૬૨ શાળાઓને માધ્યમિક મંજૂરી સાથે વડોદરા જિલ્લામાં ચાર શાળાઓ પૈકી ડભોઈ તાલુકાના અકોટી ગામે આવેલી પ્રાથમિક શાળાને ઉચ્ચતર માધ્યમિક શાળાનો દરજ્જો આપી ધોરણ નવ અને આવતા વર્ષે ધોરણ ૧૨ સુધી શરૂઆત કરવામાં આવશે આ અંગે ડભોઈ વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા હસ્તે અકોટી ગામે ચાલુ સત્ર માટે ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી પ્રવેશ કરાવ્યો ત્યારે ગામ લોકોમાં કોઈ મોટા તહેવાર હોય તેવી ખુશીનો માહોલ સજાયો હતો. ધારાસભ્ય જણાવ્યું હતું કે હવે બાળકોને ડભોઈ અને ચાંદોદ સુધી અભ્યાસ માટે બાળકોને જવું નહીં પડે અને આગામી સમયમાં ધોરણ ૧૨ સુધીના અભ્યાસ પણ અકોટી ગામની શાળામાં શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આપણા સંગત ડભોઈ નગરપાલિકા પ્રમુખ બિરેન શાહ તેમજ ચાંદો જિલ્લા પંચાયતના સભ્યો તાલુકા પંચાયતના સભ્યો શિક્ષણ વિભાગ અધિકારીઓ શાળાના આચાર્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# તાલુકા વિકાસ અધિકારી શિનોરને ચૂંટાયેલા આઠ સભ્યો દ્વારા પ્રમુખ સામે અવિશ્વાસ પ્રસ્તાવ : પ્રમુખ દ્વારા સત્તાનો દુરુપયોગ થાય છે

## બહુમતી ચૂંટાયેલા સભ્યોનો વિરોધ હોય પ્રમુખ સામે નિયમ મુજબ અવિશ્વાસ દરખાસ્ત રજૂ

હસમુખ પટેલ સાધલી

શિનોર તાલુકા પંચાયતની આજરોજ સામાન્ય સભા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા પછી ,ચૂંટાયેલા સભ્યોનો અસંતોષ બહાર આવેલ છે. અને સામાન્ય સભા પૂરી થયા બાદ તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ બપોરના કુલ આઠ સભ્યો દ્વારા પંચાયત પ્રમુખ અર્ચનાબેન રાય સામે અવિશ્વાસ નો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.




શિનોર તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે, અઢી વર્ષની ટર્મ પૂરી થતાં ગત વર્ષે તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ નાટકીય રીતે તાલુકા પંચાયતના પ્રમુખ,ઉપપ્રમુખ બિનહરીફ ચૂંટાયા હતા. અને સત્તાના એક વર્ષ દરમિયાન તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા કિન્નાખોરી રાખી અમુક સભ્યોને વિકાસના કામોથી વંચિત રાખતાં તેનો ઉહાપોહ આજે સામાન્ય સભા પત્યા પછી બહાર આવેલ છે. અને તાલુકા વિકાસ અધિકારી શિનોર ને ચૂંટાયેલા આઠ સભ્યો દ્વારા પ્રમુખ સામે અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરતાં જણાવેલ છે કે પ્રમુખ દ્વારા સત્તાનો દુરુપયોગ થાય છે, વિકાસના કામો સીમિત લાગતા વળગતા ગામો પૂરતા મંજૂર કરી ,અન્ય સભ્યોના ગામોને અન્યાય કરવામાં આવે છે ,

તાલુકા પંચાયતના વહીવટમાં અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વગર કે જાણ કર્યા વગર મનસ્વી રીતે વહીવટ કરી રહ્યા છે .જેની સામે અમો બહુમતી ચૂંટાયેલા સભ્યોનો વિરોધ હોય પ્રમુખ સામે નિયમ મુજબ અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરીએ છીએ. અને વહેલી તકે વિશ્વાસ પ્રસ્તાવ માટે ખાસ સભાની માંગણી કરેલ છે.

શિનોર તાલુકા પંચાયતની કુલ બેઠકો છે જેમાંથી એક જગ્યા ખાલી પડેલ છે આમ હાલ ૧૫ બેઠકો છે અને અડધા ઉપરાંત સભ્યોએ દરખાસ્ત રજૂ કરેલી હોય સચિવ કમ તાલુકા વિકાસ અધિકારીએ સ્વીકારેલ છે. વિશ્વાસ રજુ કરનાર આઠ સભ્યોમાં પાંચ ભાજપના અને ત્રણ કોંગ્રેસના છે.

# જેતપુર પંથકમાં પ્રદુષણ ફેલાવતા સાડી ઉધોગો સામે તંત્ર અને ડાઈંગ એશોશિએશનની લાલ આંખ




**એશોશિએશનના સભ્ય બની નિયમોનું પાલન કરો અથવા પરિણામ ભોગવવાની તૈયારી રાખો,**

**અમુક કારખાનેદારોના લીધે એશોશિએશનના અન્ય સભ્યો ને સહન કરવું પડે છે : પ્રમુખ જયંતીભાઈ રામોલીયા,**

**સુરેશ ભાલીયા જેતપુર દ્વારા...**

છેલ્લા ઘણા સમય થી જેતપુર ના સાડી ઉધોગ પ્રદુષણ મુદ્દે ખુબજ એલર્ટ અને તકેદારી રાખીને ગુજરાત પ્રદુષણ બોર્ડ (જીપીસીબી) ના નિયમો મુજબ કામ કરી રહ્યા છે કારણ કે ઘણા સમય થી જેતપુર ડાઈંગ એશોશિએશન ના દરેક કારખાનેદારો ને પોતાના કારખાના નું તેમજ પ્રોસેસ નુ કેમીકલ યુક્ત ગંદું પાણી ટેકંરો દ્વારા સંપ સુધી પહોંચાડી અને તયા થી ટ્રિટમેન્ટ પ્લાન્ટે ટ્રિટ કરી ઉપયોગ કરી શકાય જેના કારણે પ્રદુષણ ની સમસ્યા કાયમી ધોરણે ખતમ થઈ જાય આવી રીતે સાડી ઉધોગકારો પર આર્થિક બોજો વધે છે પરંતુ પ્રદુષણ નિયંત્રણ કરવા માટે આ એકજ પ્રક્રિયા છે જેનુ તમામ ઉધોગકારો પાલન કરી રહ્યા છે પણ જેતપુર અને આસપાસના વિસ્તારમાં અનેક સાડી ઉધોગો છે જે જેમની પાસે તંત્ર ની અથવા ડાઈંગ એશોશિએશન ની કોઈ પ્રકારની ની મંજૂરી ન હોય અને આવા કારખાનેદારો દ્વારા પોતાના કારખાના નું ગંદું પાણી કેમીકલ યુક્ત પાણી ખુલ્લા પલોટો અથવા વોંકળા મા અથવા પાઈપલાઈન દ્વારા નદીઓ મા ઠલવાતા હોય છે જેના લીધે જેતપુર ની આસપાસ ની નદીઓ મા પ્રદુષણ થઈ રહ્યું છે આવા કારખાનેદારો તેમજ પ્રોસેસ ધારકો ને એશોશિએશન દ્વારા અનેકવાર કડક ચેતવણી આપી છે અને જીપીસીબી ને પણ અનેકવાર આવા કારખાનેદારો તેમજ પ્રોસેસ ધારકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે જણાવ્યું છે,

## એસોસિયેશનના પ્રમુખ શું કહે છે,

ડાઈંગ એશોશિએશન ના પ્રમુખ જયંતીભાઈ રામોલીયા ના જણાવ્યા મુજબ આવા કારખાનેદારો તેમજ પ્રોસેસ ધારકો એશોશિએશન સાથે જોડાઈ અને જીપીસીબી ના નિયમો પ્રમાણે ઉધોગો ચલાવો જેથી કરીને પ્રદુષણ મુદ્દો જ ખતમ થઈ શકે જો આવા કારખાનેદારો તેમજ પ્રોસેસ ધારકો એશોશિએશન અને તંત્ર ની વિરુદ્ધ જહી અને જીપીસીબી ના નિયમો નો ઉલંઘન કરશે તો આગામી દિવસોમાં કડક કાર્યવાહી માટે તૈયાર રહેવું પડશે આવા કારખાનેદારો તેમજ પ્રોસેસ ધારકો પ્રદુષણ ફેલાવાના લીધે એશોશિએશન ને સહન કરવા નો વારો આવે છે,

# ફતેપુરા તાલુકાના બલૈયામાં મૃત માતાને દીકરીઓએ મુખાગ્ની આપી દીકરાની ફરજ નિભાવી

**બલૈયા ગામે સ્મશાન ગૃહ હોવા છતાં સામાજિક ભેદભાવ ના કારણે ખુલ્લી જગ્યામાં અંતિમ સંસ્કાર કરવા પડે છે**



**પ્રતિનિધિ દાહોદ**

દીકરો હોય કે દીકરી તે માતા પિતા માટે એક સમાન છે.ક્યારેક માતા પિતા માટે દીકરો નથી કરી શકતો તે દીકરીઓ કરી બતાવતી હોવાના અનેક કિસ્સા જોવા અને જાણવા મળે છે. લોકોને અનેક દીકરીઓ હોવા છતાં દીકરાની ઘેલસા રાખતા હોય છે.પરંતુ નસીબ જોગે માત્ર પુત્રીઓ જ હોય તો માતા-પિતા માટે દીકરીઓ દીકરાની ખોટ સાલવા દેતી નથી. તેવી જ રીતે ફતેપુરા તાલુકાના બલૈયામાં કલાલ સમાજના માંદગીમાં સપડાયેલા એક ૫૫ વર્ષીય આધેડ મહિલાનું મોત નીપજતા દીકરીઓએ મુખાગ્ની આપી અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે રહેતા કલાલ પ્રેમીલાબેન દિલીપભાઈ કલાલ ઉંમર વર્ષ ૫૫ નાઓ થોડા સમયથી માંદગીમાં સપડાયેલા ખાટલા વસ હતા. અને તેઓની સાર સંભાળ તેમની પુત્રીઓ તથા પરિવાર રાખતો હતો.જેઓને સંતાનમાં પુત્રો નથી પરંતુ ત્રણ પુત્રીઓ છે.

અને આ ત્રણેય પુત્રીઓના લગ્ન થઈ ગયેલા છે.જ્યારે પતિ ગત છ વર્ષ અગાઉ હાર્ટ એટેક ની બીમારીથી મરણ ગયેલ છે.જ્યારે પ્રેમિલાબેન કલાલનું આજરોજ માંદગીના કારણે મોત નીપજતા દીકરાની ખોટ દીકરીઓએ નિભાવી મૃતક માતાને મુખાગ્ની આપી બલૈયા સુકી નદી ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

બલૈયા ખાતે સ્મશાન ગૃહ છે પણ સામાજિક ભેદભાવ ના કારણે અન્ય સમાજ ના લોકો ને ખુલ્લી જગ્યામાં અંતિમ સંસ્કાર કરવા ની ફરજ પડી રહી છે.

બલૈયા સુકી નદીમાં કંકાસીયા કુમાના મુવાડા બારીયા હાતોડ બાવાની હાતોડ મોટી નંદુકણ નાની-નાની દુકાન જયારે અન્ય કેટલીક પંચાયતોના તમામ સુકી નદીના અંતિમ વિધિ કરવામાં આવે છે. ત્યારે આવા નાના નાના ગામો માં આજ ના આધુનિક સમયમાં પણ અંતિમ સંસ્કાર માટે ભેદભાવ જોવાતા શરમ જનક બાબત કહી શકાય.

## અમરેલી જિલ્લાનું પછાત પણાનું કલંક દૂર કરો

# અમરેલી પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરનો મુખ્ય મંત્રીને કાયદો વ્યવસ્થા પરિવહન સિંચાઈ રેલવે ઓવરબ્રિજ રોજ ભૂંડ સહિતના મુદ્દે રજુઆત

અમરેલી પૂર્વ સાંસદ ઠુંમર નો ભુપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી ને ખુલ્લો પત્ર અમરેલીની મુલાકાત દરમ્યાન અમરેલી જિલ્લાનાં પડતર પ્રશ્નો હલ માંગ કરાય

ગુજરાત રાજયની સ્થાપના નાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ જીવરાજ મહેતા અમરેલી જિલ્લાએ આપ્યા છે. અમરેલી સંતો-મહંતોની ભુમિ છે. ભોજા ભગત જેવા સંત મુળદાસજીની ભુમિ, ગૂરૂકુળનાં સ્થાપક તરવડા સ્વામી શ્રી ધર્મજીવનદાસજી, કૃષ્ણ વલ્લભાચાર્ય ની ભુમિ એટલે કુંકાવાવ પ્રમુખ સ્વામીની અને દાન મહારાજની ભુમિ, ચલાલા અને ધારી તુલશીશ્યામ જેવું પવિત્ર ધર્મસ્થળ અને ગીર એશિયાનાં સિંહોનો જિલ્લો એટલે અમરેલી જિલ્લો. આ જિલ્લામાંથી રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા, પી.કે. લહેરી રાજુલા મુખ્ય સચિવ તરીકે કામગીરી બજાવી સોમનાથ જેવી પવિત્ર ભુમિ પર ફરજ બજાવી રહ્યા છે. પાંચાળી ભુમિ પંચકુંડ અને પાડવો સાથે જોડાયેલું બાબરા, રાજ્ય સરકાર પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે તત્કાલીન ધારાસભ્ય તરીકે પ્રવાસન કમિટીમાં પ્રવાસનધામ તરીકે વિકસાવવા ભુરખીયાની પવિત્ર ભુમિની સરકારે સ્વીકાર્યું છે, શાહગોરા પીર નું ઐતિહાસિક સ્થળ એ લાઠી તાલુકો એટલે કવિ કલાપી, હમીરસિંહજીની ભૂમિ, ૧૮૦૦ પાદરનાં ઘણી કૃષ્ણકુમારસિંહજી સાથે જોડાયેલો સાવરકુંડલા તાલુકો,




દેશનાં સૌપ્રથમ રાજા ૧૮૦૦ પાદર સરદાર વલ્લભભાઈ પટેલ ને હાથીની અંબાડી સાથે અર્પણ કરી દેશની લોકશાહી સ્થાપવામાં પ્રથમ અગ્રતા આપી આ દેશની લોકશાહી મજબુત બની. આર.જી.હકુમત નું પ્રથમ આંદોલન કરનાર એટલે કુંકાવાવ તાલુકાનાં અમરાપૂર આંદોલન શરૂ કરી જુનાગઢ નવાબને ભારત માંથી હકાલી કાઢવાનું કામ કરનારો જિલ્લો પણ અમરેલી. થોડો પણ અન્યાય થાય તો રાજાઓની સામે બહારવટું ખેલનાર ભુપત બારવટીયા હોય કે રામ વાળા કે જોગીદાસ ખુમાણ જેવા નાના-મોટા આંદોલન કારી સત્ય માટે બહારવટું ખેલીને પ્રજાને ન્યાય આપવા માટેના ઈતિહાસ ઉમદા પ્રયાસો, બાબરીયા વાડની ભુમિ એટલે જાફરાબાદ, ખાંભા તાલુકામાં અનેક તીર્થસ્થળો ની ભુમિ એક અમરેલી જિલ્લો કે જેણે સંતો-મહંતો અને રાજ્યનાં અનેક આગેવાનો આપ્યા છે. દેશના ખેડુતો માટેની સંસ્થા ઈફ્કો દેશની એક ટોચની સંસ્થા કે જેનું પ્રતિનિધિત્વ અમરેલી જિલ્લામાંથી થઈ હું છે. કેન્દ્રીય મંત્રીશ્રીઓ તેમજ રાજ્યનાં મંત્રીશ્રીઓ પણ આ જિલ્લામાંથી દિલ્હીમાં કામ કરી ચુક્યાં છે. વડાપ્રધાન ને રહ્યું પણ વડાપ્રધાન તરીકે કામ કરવા અમરેલી જિલ્લામાં પ્રથમ મુખ્યમંત્રીશ્રી તરીકે કામ કરવા પ્રેરણા આપી, પુર્વ સાંસદશ્રી, પુર્વ ધારાસભ્યશ્રી, પુર્વ જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રીઓ અને હાલનાં ચુંટાયેલા પ્રતિનિધિઓ પણ આ જિલ્લાને ન્યાય આપવા માટે પ્રયાસો વત્તા-ઓછા અંશે કરતા રહ્યા છે. છતાંય જિલ્લાને ન્યાયમાં ક્યાંક ને ક્યાંક બાધા આવી રહી છે તેથી આ પત્ર લખવા પ્રેરાઈ રહ્યો છું. તેમાં જિલ્લાને લગતા આ પ્રમાણેનાં પ્રશ્નોનું તાકીદે નિરાકરણ આવે તે માટે આપના તરફથી ત્વરીત નિર્ણય થવા વિનંતી છે.

(૧)રાજુલા-જાફરાબાદ પીપાવાવ ની પવિત્ર ભુમિ, હું જ્યારે સાંસદ હતો ત્યારે પાર્લામેન્ટમાં બિનસરકારી સંકલ્પમાં ડ્રો થયો અને મને ચાન્સ મળ્યો, રૂલીંગ પાર્ટીના સાંસદ હોવાછતાં એ સમયનાં વડાપ્રધાનશ્રી પાસે અને પેટ્રોલીયમ પ્રધાન પાસે ગેસનું એલોકેશન આપવા માટે ખાત્રી લીધી તે પીપાવાવ ગેસ આધારીત વિદ્યુત મળતી તાકીદે કાર્યરત થાય જે જિલ્લાનાં વિકાસ માટેનો મહત્વનો પ્રશ્ન દિલ્હી સાથેનાં રાજયનાં પડતર પ્રશ્નોમાં અગ્રતા અપાવી નિરાકરણ લાવવા મારી વિનંતી.(૨)રાજુલા થી સુરત રોરો સર્વિસ ચાલુ કરવા અનેક વખત પ્રયાસો કર્યા છતાપણ પ્રશ્ન અધરતાલ છે. હિરા ઉદ્યોગ સાથે જોડાયેલ જિલ્લો હોઈ તાકીદે પ્રશ્ન હલ થાય તે માટે વિનંતી.(૩)સિંચાઈ પ્રધાન દેશમાં ગુજરાતમાંથી તક મળી છે ત્યારે અમરેલી જિલ્લાની તત્કાલીન ધારાસભ્ય તરીકે સાથ લી સિંચાઈ માટે અનેક વખત રજુઆત કરી ચુક્યો છું તે પ્રશ્નનું નિરાકરણ લાવવા રાજયનાં મહત્વનાં પ્રશ્ન તરીકે અગ્રતા આપવા વિનંતી.

(૪)અમરેલી થી અમદાવાદ જતાં નેશનલ હાઈ-વે ની મંજુરી મળી ચુકી છે તે તાકીદે કાર્યરત થાય, ધોળા જંકશનમાં ખુબજ ટ્રાફીક થાય છે તે ધોળાનો રેલ્વે ઓવરબ્રીજ મંજુર થઈ ચુક્યો છે હાલ પુરતી કામગીરી ઠપ છે તે ઝડપથી પુર્ણ થાય અને વાહનચાલકોને ઘણા લાંબા સમય હેરાન થવું પડે છે તેમાંથી મુક્તિ મળે તેથી નિરાકરણ લાવવું જરૂરી છે.(૫) સૌરાષ્ટ્રમાં રેલ્વેનો મોટામાં મોટો અન્યાય પામતો જિલ્લો અમરેલી જિલ્લો છે. હું જ્યારે સાંસદ હતો ત્યારે ઢસા જંકશન બ્રોડગેજ રૂપાંતર કરવા માટે બજેટમાં મુકાઈ જે ટ્રેક ચાલુ થઈ ચુક્યો છે. બોટાદ થી ગાંધીધામ અગાઉના સમયમાં સોમનાથ મેલ બ્રોડગેજ સગવડતા મળતી, અમરેલી શહેરને ખીજડીયા સુધી બ્રોડગેજ રૂપાંતર નું કામ ચાલી રહ્યું છે. તો કચ્છ ને ને મળેલી મેટ્રો ટ્રેન સૌરાષ્ટ્રમાં હવેના ક્રમે અમરેલીને મળે તે માટેની અમરેલીનાં લોકોની લાગણીને સ્વીકારી અગ્રતા આપવા મારી વિનંતી છે.સાથો-સાથ સોમનાથ-કુંકાવાવ જે ઢસા બોટાદ રેલ્વે ટ્રેક કાર્યરત છે તેમાં પણ પેસેન્જર ટ્રેનો અને દેશની સાથે જોડાઇ તેવી દિલ્હી મુંબઈ ટ્રેનો કાર્યરત થાય તે માટે પણ ગુજરાતનાં પડતર પ્રશ્નોમાં અગ્રતા ક્રમે સમાવેશ કરવા વિનંતી છે. હાલ સોમનાથ-બનારસ ટ્રેનનો સારો લાભ મળતો થયો છે તેમાં પણ અમરેલી જિલ્લાનાં લોકોને થોડો ઘણો સંતોષ થયો છે વધારે ન્યાય આપવા માટે ઉમદા પ્રયાસો કરશો તેવી વિનંતી છે. (૭)રાજ્ય લેવલનાં રસ્તાઓનાં પ્રશ્નો અંગે નોનપ્લાન રસ્તાઓ જે મંજુર થયા છે તે કોઈનાં કોઈ કારણોસર સામાન્ધ વિવાદમાં અટકી પડયા હોય તે તમામ કામો આગળ વધારીને પુર્ણ કરવામાં આવે, વધતા જતાં પેટ્રોલ-ડીઝલ નાં ભાવમાં લોકોને સગવડતા મળી શકે છે.(૭)સિંચાઈ યોજનામાં અગાઉ બનેલા ડેમો હાલ તો વરસાદ થી ભરાયા છે પરંતુ વડી ડેમ ઓછા વરસાદનાં કારણે ભરાયો નથી. સૌની યોજના મારફત આ ડેમને પણ ભરાવી દેવા માટે પ્રશ્ન ને અગ્રતા મળે તે માટે મારી ખેડુતો વતી માંગણી છે.(૮)રાની પશુઓ રોઝ, નિલગાય, ભુંડ નો દિન-પ્રતિદિન ત્રાસ વધતો જાય છે. ખેત પાકને ખુબજ નુકશાન કરેલ છે તેમાંથી મુક્તિ મળે તે માટે અને ખેડુતોને મુશ્કેલી ન થાય તે બાબતની કોઈ યોજના વિચારી રાની પશુઓનાં ત્રાસ માંથી મુક્તિ અપાવવા મારી માંગણી છે.(૯)વિજળી ક્ષેત્રે ગુજરાત વિદ્યુત બોર્ડ અમલમાં હતું ત્યારે તે વખતની સરકારે ૪૦૦ કે.વી. માચીયાળા માં સબસ્ટ્રેશન આપ્યું છે છે અને ત્યારબાદ ૨૨૦ કે.વી. નું સબસ્ટ્રેશન બાબરા તાલુકાનાં ચરખા ખાતે સ્થપાયું છે. પશુ પાલકોનો ભારે-મોટો વિવાદ હોવા છતાં સમાધાન કાઢી વલણ અપનાવી આ પ્રશ્ન હલ કરાવી હાલ કાર્યરત થયેલ છે તેનો પણ વિજળીમાં અમરેલી જિલ્લાને ન્યાય મળતો થાય અને નાના-મોટી ટેકનીકલ કોઈ મુશ્કેલી હોય તેનો પણ નિરાકરણ કરી ખેડુતો, વેપારીઓ, ઉદ્યોગકારો વિજળીથી વંચિત ન રહે તે પ્રશ્નને અગ્રતા આપવા મારી માંગણી (૧૦) બસપોર્ટના ઉદ્‌ઘાટન કરી રહ્યા છો તેવા સમાચાર પ્રેસ મિડીયા તરફથી મળી રહ્યા છે તેનો લાભ જિલ્લાની પ્રજાને મળે પરંતુ તાલુકા લેવલેના એસ.ટી.ડેપોનાં કામો બાકી હોય તેને પણ તાકીદે પુર્ણ કરાવવા વિનંતી છે.(૧૧)હિરા સાથે જોડાયેલો જિલ્લો અમરેલી મુખ્ય જિલ્લો ગણાઈ છે, હિરા કારીગરોને પણ મંદીમાં અસર ન પડે અને આત્મવિલોપન દિન-પ્રતિદિન વધી રહ્યા છે તેને બદલે અમરેલી જિલ્લામાં નાના-મોટા ઉદ્યોગો સ્થપાઈ અને તેનું પર્યાવરણને પણ નુકશાન ન થાય તે બાબતોને આવકારીએ છીએ. સાથોસાથ અમરેલી જિલ્લામાં એજન્સી ની તકો ઉભી થાય તે બાબતમાં પણ જિલ્લાને ન્યાય મળવા માંગણી છે.(૧૨)અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર સરકારી જમીન માંથી શિક્ષણનું એક સંકુલ સ્થપાયું છે જેના થકી જિલ્લાની અનેક દિકરીઓને મળી રહ્યો છે. શિક્ષણક્ષેત્રે પ્રાઈવેટાઈઝેશન વધી રહ્યું છે તેને બદલે સરકારી સારૂ શિક્ષણ મળે અને સમાજલક્ષી સંકુલ સ્થપાઈ રહ્યા છે અન્ય કોઈ સંકુલ સ્થાપી અને શિક્ષણક્ષેત્રે ગાયકવાડ સરકારી અને ગોંડલ સ્ટેટ ની નીતિ પ્રમાણે ફરજીયાત શિક્ષણ અપાઈ તે માટે અમરેલી જિલ્લામાં એક અનુરૂપ દાખલા રૂપ સરકારી ધોરણે જરૂરી નિર્ણય કરવા રજુઆત સહ માંગણી છે. આ બાબતે અમોને બોલાવીને કોઈ મીટીંગ કરવામાં આવે તો તમામે સુચના આપી ન્યાય માટે રાજકરણ ને બાજુમાં રાખીને સહકારી ક્ષેત્રમાં નમુનારૂપ કામગીરી થઈ રહી છે તેવી ભવિષ્યમાં શિક્ષણક્ષેત્રે કામગીરી કરવા માટે પણ જરૂરીયાત લાગી રહી છે.(૧૩)નગરપાલિકા અને શહેરી ટાઉન પ્લેસમાં નાના વેપારીઓ ન દંડાઈ અને પોતાના ધંધા-રોજગાર સારી રીતે ચલાવી શકે તે માટે નગરપાલિકાઓને ગ્રાન્ટરૂપી સહાય આપી રોજગારલક્ષી ધંધાઓ ઉભા કરવા માટે નગરપાલિકાને પણ ન્યાય મળે તેવી મારી માંગણી છે. નગરપાલિકાને પાણી અને રસ્તા તેમજ ગંદકીમાંથી ન્યાય મળે તે માટે ગટર બનાવવાની બાકી હોય તેને અગ્રતા આપવા મારી માંગણી છે.(૧૪)ગામડાઓમાં ખેડુતોને કોમ્પ્યુટર સહાય V.C.E. દ્વારા સગવડતા મળી રહી છે પરંતુ પગાર અને કમીશન થી વંચિત રહેતા ફ.ઝ.ઇ ને ન્યાય મળે અને ગામડાના સામાન્ય લોકોને જિલ્લા મથકે અને તાલુકા મથકે ધક્કા ઓછા થાય તે માટે **V.C.E.** ની પોષ્ટ મજબુત બનાવી તેઓ કાર્ય કરી શકે તે માટે પગારથી વંચિત રહ્યા છે તેવા **V.C.E.** ન્યાય આપવા મારી માંગણી છે.

(૧૫)આરોપ ક્ષેત્રે ખુબજ મુશ્કેલી પ્રવર્તિ રહી છે **PHC CHC** સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ખાલી જગ્યાં પુરાઈ તેવી માંગણી છે.(૧૬) ડ્રગસ, દારૂ, રેતી ખનન ની પ્રવૃતિ દિન-પ્રતિદિન વધતી જાય છે. તત્કાલીન કડક અધિકારી હતા તેવા પોલીસમાં કડક અને ન્યાયીક કામગીરી કરી શકે, **FIR** નોંધવાની ના પાડે છે પરંતુ **FIR** એ પ્રજાનો અધિકાર છે સાચુ ખોટુ કોણ છે એ પછીની વાત છે પરંતુ પોલીસ સ્ટ્રેશને **FIR** ન નોંધાતી હોય તેઓની ઉપર અને જેમના પોલીસ સ્ટ્રેશનમાંથી દારૂ, જુગાર ખનન પ્રવૃત્તિ અને ડ્રગ્સ જેવી બાબતોમાં કોઈપણ અધિકારી/પદાધિકારીઓ આડકતરૂ મદદગારીમાં હોય તો તેની ઉપર કડકમાં કડક સજા રૂપી કાર્યવાહી કરવા માટે જરૂરી આદેશો આપશો તેવી આ પત્રથી રજુઆત છે. ટુકમાં અમરેલી જિલ્લાએ રાજયને પ્રથમ મુખ્યમંત્રી આપ્યા છે સંતો મહંતોની ભુમિનો જિલ્લો કાઠીયાવાડ કોઈ દી ભૂલો પડ ને ભગવાન એ યુક્તિ એ અમરેલી સામે જુવો

printed By JAIN PANKAJKUMAR DHANKUMAR, And Published By JAIN PANKAJKUMAR DHANKUMAR, on Behalf OF JAIN PANKAJKUMAR DHANKUMAR, And Printing At Janta Ki Awaaz Offset Company, Address : AT: &PO Vansi, Ta & Dit. Bharuch-Pin: 392160. Place Of Publication : 23 MANMOHANPARK, VAGHODIYA, TA. VAGHODIYA DIST. VADODARA, GUJARAT : VOLUME:263- EDITOR IN CHIEFB: NILESH PATHAK